

# જાપાનમાં મેઘતાંડવ: ટોક્યો નજીક પૂરથી 5નાં મોત

**સ્ટેશન** પર ફસાયેલા 4,000 મુસાફરોને બહાર કઢાયા, 18,000 ઘરોમાં વીજ પુરવઠો ખોરવાયો

**ચિબા** શહેરમાં એક કલાકમાં વિક્રમજનક 11.5 સેમી વરસાદ

**રસ્તા-રેલવે** ટ્રેક પાણીમાં ગરકાવ, નારિતા એરપોર્ટ પર હજારો મુસાફરો રાતભર ફસાયા

ટોક્યો, તા. 14 (એપી): ટોક્યોની પૂર્વમાં આવેલા શહેરોમાં આખી રાત પડેલા વિક્રમજનક ભારે વરસાદને કારણે રસ્તાઓ અને અનેક ઘરોમાં પૂર આવ્યું હતું. હજારો લોકો ફસાઈ ગયા હતા, વીજ પુરવઠો ખોરવાયો હતો અને ઓછામાં ઓછા 5 લોકોનાં મોત થયાં છે, જ્યારે એક વ્યક્તિ હજુ લાપતા છે. જાપાન હવામાન એજન્સીએ શુક્રવારે સવારે વરસાદમાં ઘટાડો થયા બાદ ચિબા પ્રીફેક્ચરના એક ડઝનથી વધુ વિસ્તારો માટે ભારે વરસાદની સૌથી ગંભીર ચેતવણીનું સ્તર ઘટાડ્યું હતું. જોકે, દિવસ દરમિયાન ફરી ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. સામે આવેલા ફોટા અને ટેલિવિઝન દ્રશ્યોમાં મોટા પાયે નુકસાન જોવા મળ્યું હતું.

ઘરો, કાર અને રેલવે ટ્રેકના કેટલાક ભાગો કાદવવાળા પાણીમાં ડૂબેલા જોવા મળ્યા હતા.

ગ્રાઉન્ડ સેલ્ફ-ડિફેન્સ ફોર્સે સોગા રેલવે સ્ટેશન પર રાતભર ફસાયેલા આશરે 4,000 લોકોને બહાર કાઢવા બસો મોકલી હતી. આ રેલવે માર્ગ ટોક્યો ડિઝનીને પણ જોડે છે. શુક્રવારે આ બચાવ કામગીરી પૂર્ણ થઈ હતી. થીમ પાર્કને કોઈ નુકસાન થયું નથી.

ટોક્યો વિસ્તારના નારિતા એરપોર્ટ પર પણ હજારો મુસાફરો રાતભર ફસાયા હતા. શુક્રવારે સવારે ટ્રેન સેવા આંશિક રીતે શરૂ થતાં લોકો ધીમે ધીમે એરપોર્ટમાંથી બહાર નીકળ્યા હતા. જોકે, ટ્રેનો મોડી ચાલી રહી હતી. નારિતાથી આવતી-જતી ફ્લાઈટ્સ સામાન્ય રીતે કાર્યરત રહી હતી.ચિબા પ્રીફેક્ચર મુજબ 5 લોકોનાં મોત થયા છે અને એક વ્યક્તિ લાપતા છે. 170થી વધુ ઘરોમાં પાણી ઘૂસી ગયું છે અને 300થી વધુ લોકો જાહેર સુવિધાઓમાં આશ્રય લઈ રહ્યા હતા. ભારે વરસાદને કારણે લગભગ 18,000 ઘરોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. ચિબા શહેરમાં એક કલાકમાં 11.5 સેન્ટિમીટર (4.5 ઈંચ) અને સાકુરામાં 9.7 સેન્ટિમીટર (3.8 ઈંચ) વરસાદ નોંધાયો હતો, બંને સ્થળ માટે આ વિક્રમજનક વરસાદ છે.




## દીકરીની ઉંમરની યુવતી સાથે ફરતા શરમ આવવી જોઈએ: ગોવિંદાની પત્ની



મુંબઈ, તા. 14: ગોવિંદા એક્ટ્રેસ કોમલ રાણી સ્વર્ણકાર સાથે તાજેતરમાં જાહેરમાં દેખાયો હતો તેના પર ગોવિંદાની પત્ની સુનીતાએ ટિપ્પણી કરી છે. બંનેને લઈને ચાલી રહેલી અફવાઓ વચ્ચે મુંબઈમાં પાપારાઝી સાથેની વાતચીતમાં સુનીતાએ કહ્યું કે ગોવિંદા "પોતાની દીકરીની ઉંમરની યુવતી સાથે ફરી રહ્યો છે, તેને શરમ આવવી જોઈએ." ગોવિંદા અને સુનીતાની દીકરી ટીનાની ઉંમર 35 વર્ષ છે, જ્યારે કોમલની ઉંમર જાહેર થઈ નથી. ગોવિંદાના કોમલ સાથેના એરપોર્ટ દેખાવ અને આગામી પ્રોજેક્ટ્સના પ્રમોશન અંગે પૂછવામાં આવતા સુનીતાએ કહ્યું કે પહેલાં ફિલ્મ બનવી જોઈએ, ત્યારબાદ તેનું પ્રમોશન થાય. ત્યારબાદ તેમણે ગોવિંદા પર નિશાન સાધતા કહ્યું કે વ્યક્તિના કેટલાક આદર્શ હોવા જોઈએ.

## સમય રૈના સહિત 5 સામેની ફોજદારી કાર્યવાહી સુપ્રીમ કોર્ટે રદ કરી



નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ): સુપ્રીમ કોર્ટે શુક્રવારે કોમેડિયન સમય રૈના અને અન્ય 4 લોકો સામે દિવ્યાંગજનો અંગે કરવામાં આવેલી ટિપ્પણીઓને લઈને નોંધાયેલી FIR અને ફોજદારી કાર્યવાહી રદ કરી દીધી હતી. કોર્ટે દિવ્યાંગજનોમાં જાગૃતિ ફેલાવવા અને તેમના ગૌરવને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવેલા પ્રયાસોની પ્રશંસા પણ કરી હતી. સમય રૈના ઉપરાંત વિપુલ ગોયલ, બલરાજ પરમજીત સિંહ ઘાઈ, સોનાલી ઠક્કર અને નિશાંત જગદીશ તનવર સામેની કાર્યવાહી પણ રદ કરવામાં આવી છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્ય બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બેન્ચે કહ્યું કે જ્યારે સાચા પ્રયાસો કરવામાં આવે છે ત્યારે સકારાત્મક પરિણામો મળવા જ જોઈએ. આ કેસમાં સ્પાઇનલ મસ્ક્યુલર એટ્રોફી (SMA) જેવી દુર્લભ બીમારીઓથી પીડાતા લોકો માટે કામ કરતી એસએમએ ક્યોર ફાઉન્ડેશનની અરજી પણ સામેલ હતી. ફાઉન્ડેશને રૈના અને અન્ય સોશિયલ મીડિયા ઇન્ફ્લુએન્સર્સ દ્વારા ઈન્ડિયા ગોટ લેટેન્ટ શોમાં કરવામાં આવેલા જોક્સ અંગે વાંધો ઉઠાવ્યો હતો. કોર્ટે નોંધ્યું કે પાંચેય લોકોએ ફાઉન્ડેશન સાથે અસરકારક સંવાદ કર્યો છે અને SMAથી પીડાતા લોકોને પોતાના શોમાં આમંત્રિત કરવા માટે પણ તૈયાર છે. માર્ચમાં તેમણે દિવ્યાંગજનો માટે ચેસ ટુર્નામેન્ટનું આયોજન કર્યું હતું અને દિવ્યાંગજનો માટે કામ કરતી સંસ્થાઓ અંગે જાગૃતિ ફેલાવવામાં મદદ કરી હતી.

## ઓસ્ટ્રેલિયામાં રાની મુખર્જીને સન્માન, ભાવુક થઈ અભિનેત્રી



મુંબઈ, તા.14: બોલિવૂડ અભિનેત્રી રાની મુખર્જીને ઓસ્ટ્રેલિયાની લા ટ્રોબ યુનિવર્સિટીએ 'ડોક્ટર ઓફ લેટર્સ'ની માનદ ડોક્ટરેટથી સન્માનિત કરી. 14 ઓગસ્ટે મેલબર્નના ફેડરેશન સ્ક્વેર ખાતે IFFM 2026 દરમિયાન યોજાયેલા સમારોહમાં સન્માન મેળવતી વખતે રાની ભાવુક થઈ હતી. ત્રણ દાયકાની કારકિર્દી અને સામાજિક મુદ્દાઓ પર આધારિત ફિલ્મોમાં યોગદાન બદલ તેને આ સન્માન મળ્યું. શાહરુખ ખાન બાદ તે આ યુનિવર્સિટીનું સર્વોચ્ચ સન્માન મેળવનારી બીજી ભારતીય કલાકાર બની છે. યુનિવર્સિટીએ મહિલાઓ, બાળકો અને વંચિત સમુદાયો માટે રાનીના કાર્યની પણ પ્રશંસા કરી.

## સંજય દત્તની ક્લબમાં કૉપિરાઇટેડ ગીતો વગાડવા પર બોમ્બે હાઈકોર્ટની રોક




મુંબઈ, તા. 14: પુણેમાં સંજય દત્તના નાઇટક્લબ Ballr પર કોપિરાઇટ મ્યુઝિકને લઈને વિવાદ સર્જાયો છે. ફોનોગ્રાફિક પરફોર્મન્સ લિમિટેડ (PPL) ઇન્ડિયાની ફરિયાદ બાદ બોમ્બે હાઈકોર્ટે ક્લબને જરૂરી લાઇસન્સ વિના કોપિરાઇટવાળા ગીતો વગાડવા પર રોક લગાવી છે. PPLના પ્રતિનિધિએ 24 જૂને Ballrની મુલાકાત લીધી હતી, જ્યાં 'બદતમીજ દિલ', 'મૌજા હી મૌજા', 'દર્દ-એ-ડિસ્કો', 'ઓ સાકી સાકી' અને 'દસ બહાને' સહિત અનેક ગીતો વગાડાતા મળ્યા હતા. ક્લબમાં જસ્ટિન બીબરનું 'વ્હોટ ડુ યુ મીન' અને દુઆ લિપાનું 'લેવિટેટિંગ' પણ વગાડવામાં આવતું હતું. Ballrના માલિકોમાં એક્ટર સંજય દત્ત અને હેરંબ શેલકેનો સમાવેશ થાય છે. PPLએ કોર્ટને જણાવ્યું હતું કે આ ગીતોના સાઉન્ડ રેકોર્ડિંગના કોપિરાઇટ તેના પાસે છે. અગાઉ Ballrએ PPL પાસેથી મ્યુઝિક લાઇસન્સ લીધું હતું, પરંતુ તેની મુદત પૂરી થયા બાદ તેને રિન્યૂ કરાવવામાં આવ્યું ન હતું. 7 ઓગસ્ટના આદેશમાં કોર્ટે જરૂરી નોન-એક્સક્લુઝિવ પબ્લિક પરફોર્મન્સ લાઇસન્સ વિના PPLના કલેક્શનના ગીતો વગાડવા કે તેનો ઉપયોગ કરવા પર રોક લગાવી છે.

### સાવરકર વિરુદ્ધ ટિપ્પણીનો વિવાદ

# રાહુલ ગાંધી સામેની ફોજદારી ફરિયાદ, સમન્સ રદ કરતી સુપ્રીમ કોર્ટ

**લોકસભાના** વિપક્ષના નેતા વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે કાયદા મુજબ જરૂરી જોગવાઇનું પાલન કરવામાં આવ્યું ન હોવાનું જણાવ્યું

**ગાંધી** વિરુદ્ધ નોંધાયેલી બદનક્ષીની ફરિયાદ, ટ્રાયલ કોર્ટે કાઢેલા સમન્સ રદ કરવામાં આવ્યા

નવી દિલ્હી, તા. 14(PTI): સુપ્રીમ કોર્ટે શુક્રવારે હિંદુત્વ વિચારક વિનાયક દામોદર સાવરકર વિરુદ્ધની ટિપ્પણી બદલ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ માનહાનિની ફોજદારી ફરિયાદ અને ટ્રાયલ કોર્ટ દ્વારા જારી કરવામાં આવેલા સમન્સને રદ કરી દીધા છે. કોર્ટે જણાવ્યું હતું કે આ કેસમાં કાયદા હેઠળ જરૂરી મંજૂરી મેળવવામાં આવી નહોતી.

આ માનહાનિનો કેસ 17 નવેમ્બર, 2022ના રોજ મહારાષ્ટ્રના અકોલા જિલ્લામાં 'ભારત જોડો યાત્રા' દરમિયાન યોજાયેલી રેલીમાં રાહુલ ગાંધી દ્વારા સાવરકર વિશે કરવામાં આવેલી ટિપ્પણી પરથી ઊભો થયો હતો. ગાંધીની અરજી મંજૂર કરતા જસ્ટિસ દીપાંકર દત્તા અને જસ્ટિસ શીલ નાગુની ખંડપીઠે નોંધ્યું હતું કે લોકસભાના વિરોધ પક્ષના નેતા વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે કાયદા મુજબ જરૂરી મંજૂરીનો આ ફોજદારી કાર્યવાહીમાં અભાવ હતો. CrPCની કલમ 196 હેઠળ, IPCની કલમ 153A (વિવિધ જૂથો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપવું) હેઠળના ગુનાની નોંધ લેવા માટે રાજ્ય સરકારની મંજૂરી ફરજિયાત છે. ખંડપીઠે જણાવ્યું હતું કે, એડિશનલ સોલિસિટર જનરલ અને ફરિયાદીના વકીલે યુપી દ્વારા દાખલ કરાયેલા સોગંદનામામાં સ્વીકાર્યું છે કે જરૂરી મંજૂરીનો કોઈ ઉલ્લેખ નથી. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, મેજિસ્ટ્રેટ દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદ અને પસાર કરાયેલા આદેશો રદ કરવામાં આવે છે. સર્વોચ્ચ અદાલતે અગાઉ મહારાષ્ટ્રની રેલીમાં સાવરકર પર બિનજવાબદાર ટિપ્પણી કરવા બદલ ગાંધીની ઝાટકણી કાઢી હતી, પરંતુ તેમની સામેની ગુનાહિત કાર્યવાહી પર સ્ટે આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, ચાલો આપણે આપણા સ્વતંત્રતા સેનાનીઓની મજાક ન ઉડાવીએ. કોર્ટે ઉત્તર પ્રદેશ સરકાર અને ફરિયાદી વકીલ નૃપેન્દ્ર પાંડેને નોટિસ પાઠવી હતી અને અલ્હાબાદ હાઈકોર્ટના એ આદેશ પર રોક લગાવી દીધી હતી જેણે રાહુલ ગાંધી સામેના ટ્રાયલ કોર્ટના સમન્સને રદ કરવાનો ઈનકાર કર્યો હતો.


DGVCL | **દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમીટેડ** | DGVCL

CINU40102GJ2003SGC042909

રાજપીપળા વિભાગીય કચેરી, કાળિયા ભૂત મંદિર પાસે, રાજપીપળા

ફોન નં.: ૦૨૬૪૦-૨૨૨૧૫૨ ઈ-મેઇલ: eeraj.dgvcl@gebmail.com

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

**વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત**

અમારા માનવંત્રા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ તારીખે અને સમયે ફીડર* ઉપર અગત્યનું સમારકામ કરવાનું હોવાથી વીજ પ્રવાહ બંધ રહેશે.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટ સેન્ટર નં. | તારીખ/ વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કેવી રાજપારડી | ૧૧ કેવી રઝલવાડા જેજીવાય | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૧૮.૦૮.૨૦૨૬ (મંગળવાર) | ૦૯:૦૦ થી ૧૨:૦૦ |
| ૨ | ૬૬ કેવી રાજપારડી | ૧૧ કેવી જી.એમ. ડી.સી. એચ.ટી | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૧૮.૦૮.૨૦૨૬ (મંગળવાર) | ૦૯:૦૦ થી ૧૨:૦૦ |
| ૩ | ૬૬ કેવી રાજપારડી | ૧૧ કેવી ધોલી ઇન્ડ | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૧૮.૦૮.૨૦૨૬ (મંગળવાર) | ૦૯:૦૦ થી ૧૨:૦૦ |
| ૪ | ૬૬ કેવી પોમલાપાડા | ૧૧ કેવી મગરદેવ જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૧૮.૦૮.૨૦૨૬ (મંગળવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૫ | ૬૬ કેવી પોમલાપાડા | ૧૧ કેવી ધનોર એજી | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૧૮.૦૮.૨૦૨૬ (મંગળવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૬ | ૬૬ કેવી મોટા રાયપુરા | ૧૧ કેવી ફૂલવાડી જેજીવાય | રાજપીપળા-૧ | ૭૫૬૭૭૪૮૦૩૪ | ૧૮.૦૮.૨૦૨૬ (મંગળવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૭ | ૬૬ કેવી રાજપીપળા | ૧૧ કેવી પોઇચા જેજીવાય | રાજપીપળા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૨૧.૦૮.૨૦૨૬ (શુક્રવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૮ | ૬૬ કેવી ડેડીયાપાડા | ૧૧ કેવી ડેડીયાપાડા ટાઉન | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૨૨.૦૮.૨૦૨૬ (શનિવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૯ | ૬૬ કેવી ડેડીયાપાડા | ૧૧ કેવી ગંગાપુર જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૨૨.૦૮.૨૦૨૬ (શનિવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૦ | ૬૬ કેવી ડેડીયાપાડા | ૧૧ કેવી જરગામ એજી | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૨૨.૦૮.૨૦૨૬ (શનિવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૧ | ૬૬ કેવી નેત્રંગ | તમામ ફીડર | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૨૨.૦૮.૨૦૨૬ (શનિવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |

નોંધ:કામ પૂર્ણ થયા પછી કે પહેલા, વધુ કોઈ પણ જાતની નોટીસ કે જાણ કાર્ય સિવાય વીજપુરવઠો ચાલુ કરી દેવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધલેવા વિનંતી છે.

કાર્યપાલક ઇજનેર (સં. અને નિ.), દ.ગુ.વી.કં.લિ, વિભાગીય કચેરી, રાજપીપળા

એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો


